**નેશનલ પરમીટ અંગેના નવા ધોરણની અમલવારી કરવા બાબત**

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.૬,૨/૩ માળ,
ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:- MVP / નેશનલ પરમીટ/૨૨૫૨
તારીખ ૨૫- ૫ -૨૦૧૦.

-: પ રિ પ ત્ર :-

વંચાણે લીધા:- ૧. કેન્દ્ર સરકારના રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રાલયના પત્રક્રમાંક : આરટી-૧૬૦૩૧-૩/૨૦૦૯-ટી , તા. ૭-૫-૨૦૧૦.

૨. કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ-૮૭માં કેન્દ્ર સરકારના જાહેરનામા ક્રમાંક: જીએસઆર-૩૮૬-ઈ ,તા. ૭-૫-૨૦૧૦ થી થયેલ સુધારો.

આમુખ:-

કેન્દ્ર સરકારે વંચાણે લીધા-૨ થી કેન્દ્રિય મોટર વાહન નિયમો,૧૯૮૯ના નિયમ-૮૭માં ફેરફાર કરી નેશનલ પરમીટના ઓથોરાઇઝેશન આપવા માટેની પધ્ધતિમાં ફેરફાર કરેલ છે. આ અંગે નિયમોમાં કરેલ સુધારાનુ જાહેરનામુ સાથેના પરિશિષ્ટ-૧ થી સામેલ છે. નિયમોમાં કરેલ ફેરફાર મુજબ હવે પછી નીચે મુજબની નવી જોગવાઇ અમલમાં આવે છે.

૧. ઓથોરાઈઝેશન ફી.

ઓથોરાઈઝેશન ફી હવે વાહનદીઠ પ્રતિવર્ષ રૂા. ૫૦૦/- થી વધારી રૂા. ૧૦૦૦/- કરવામાં આવેલ છે. આ ઓથોરાઈઝેશન ફી લેવા માટેની હાલની પધ્ધતિ યથાવત રહેશે જેથી હાલમાં જે રીતે ઓથોરાઈઝેશન ફી લેવામાં આવે છે તે જ રીતે આ ફી પણ લેવાની રહેશે.

૨. ઓથોરાઈઝેશન મેળવવાની પધ્ધતિ.

(એ) અગાઉની પધ્ધતિ :-

અગાઉની પધ્ધતિ મુજબ ઓથોરાઈઝેશન મેળવતી વખતે ગૃહ રાજય સિવાય બીજા ઓછામાં ઓછા ૩ રાજયો માટે ઓથોરાઈઝેશન મેળવવાનું થાય છે અને તે માટે ૩ રાજયો માટેના મોટર વાહન વેરાના રૂા. ૫૦૦૦/-ના ૩ ડ્રાફટ અરજદારે અરજી સાથે રજુ કરવાના થાય છે.

(બી) નવી પધ્ધતિ :-

(૧) ઓથોરાઈઝેશન પધ્ધતિમાં નવા નિયમ મુજબ ફેરફાર કરેલ હોઇ હવે રાજયવાર ઓથોરાઈઝેશન ઈસ્યુ કરવાના રહેતા નથી પરંતુ હવે પછી સમગ્ર દેશ ના તમામ રાજયો માટે એક જ સાથે ઓથોરાઈઝેશન આપવાનું થાય છે. આમ, હવે પછી ઓથોરાઈઝેશનમાં રાજયોના નામ લખવાના રહેતા નથી.

(૨) નવી પધ્ધતિ અમલમાં આવતા અરજદારે પ્રત્યેક રાજય માટે રાજયવાર નકકી થયેલા મોટર વાહન વેરાના ડીમાન્ડ ડ્રાફ્ટ રજુ કરવાના રહેતા નથી. પરંતુ કંમ્પોઝીટ ફી રૂા. ૧૫૦૦૦/- ત્રણ નકલમાં ચલણ સાથે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાની નકકી કરેલ શાખામાં કેન્દ્ર સરકાર ધ્વારા આ હેતુસર ખોલવામાં આવેલ ખાસ ખાતામાં જમા કરાવવાની થાય છે, ત્યાર બાદ બેન્ક ધ્વારા સહી સિકકા કરી અરજદારને આપવામાં આવતી ચલણની બે નકલ પૈકીની બીજી નકલ પોતાની અરજી સાથે જોડી અરજી કરવાની થાય છે. ચલણનો નમુનો આ સાથે પરિશિષ્ટ-૨માં દર્શાવવામાં આવેલ છે.

(૩) પરમીટ આપનાર ઓથોરીટીએ બેન્કમાં રકમ ભર્યાનું ચલણ યોગ્ય રીતે મળેથી ઓથોરાઇઝેશન ઇસ્યુ કરવાનું રહેશે. બેન્કમાં જે અરજદારો તરફથી રકમ જમા થયેલ હોય તેનો સ્કોલ અને ચલણની નકલ પાછળથી જે તે આરટીઓ કચેરીને આપવામાં આવશે જેથી આ સ્કોલમાં જણાવ્યા મુજબ જે વાહનોની રકમ જમા થયેલ હોય હોય તેવા વાહનોને જ ઓથોરાઇઝેશન ઇસ્યુ કરવામાં આવેલ છે તેની ખાતરી અઠવાડિક ધોરણે જે તે આરટીઓએ કરવાની રહેશે. આ અંગે કોઇપણ બાબતની ક્ષતિ ન રહે તે અંગેની ખાસ કાળજી જે તે આરટીઓ/ એઆરટીઓએ લેવાની રહેશે.

(૪) ઓથોરાઇઝેશન ઇસ્યુ કરવા માટેની બાકીની પધ્ધતિ યથાવત રહેશે. અગાઉની પધ્ધતિ મુજબ વાહન અંગે ગૃહ રાજયનો ટેકસ, ઉંમર, ફીટનેસ, વિમો વગેરે ચકાસણી કરીને જ ઓથોરાઇઝેશન ઇસ્યુ કરવાનું રહેશે. ઓથોરાઇઝેશન અગાઉની પધ્ધતિ મુજબ વેલીડ નેશનલ પરમીટ ધરાવતા વાહનોને જ આપી શકાશે અને તેની વેલીડીટી એક વર્ષની રહેશે. ઓથોરાઇઝેશન નવા નમૂના નં. ૪૭માં ઈસ્યુ કરવાનું રહેશે જેનો નમૂનો આ સાથે પરિશિષ્ટ- ૩ માં દર્શાવવામાં આવેલ છે.

(૫) જે વાહનોને અગાઉની પધ્ધતિ મુજબ નેશનલ પરમીટ ઓથોરાઇઝેશન ઇસ્યુ કરવામાં આવેલ છે તેવા વાહનોમાં વધારાનું રાજય જો ઉમેરવાનું હોય તો તે હાલની હયાત પધ્ધતિ મુજબ ઉમેરી શકાશે. અત્રે નોંધનીય છે કે, અગાઉની પધ્ધતિ મુજબ ઇસ્યુ કરવામાં આવેલ ઓથોરાઇઝેશન સર્ટિફીકેટ તેની મુદત પુરી થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

(૬) દર અઠવાડીયે ઈસ્યુ કરવામાં આવેલ નેશનલ પરમીટના ઓથોરાઇઝેશનની યાદી ઈમેલ ધ્વારા વડી કચેરીને મોકલી આપવાની રહેશે આ સમગ્ર પ્રક્રિયા તાત્કાલિક અસરથી અમલમાં આવતી હોઇ આ અંગેની કાર્યવાહી સત્વરે અને ચોકસાઇપૂર્વક થાય તે માટે સબંધીત સર્વએ ખાસ કાળજી લેવાની રહેશે.

## ૩. ચેકીંગ માટેની સૂચનાઓ.

### (એ) જુની પધ્ધતિ થી મેળવાયેલ ઓથોરાઇઝેશન ની અસર :-

(૧) નવી જોગવાઇ અમલમાં આવતા પહેલાં જે વાહનોએ રાજય માટે જુની જોગવાઇ પ્રમાણે ઓથોરાઇઝેશન મેળવેલ છે તેવા વાહનો જુના ઓથોરાઇઝેશન સર્ટિફીકેટ સાથે ઓથોરાઇઝેશનની વેલીડીટીની તારીખ સુધી રાજયમાં આવી શકે તેમ છે.

(૨) જુની જોગવાઇ મુજબ જે વાહનોએ ઓથોરાઇઝેશન મેળવેલ હોય તેવા વાહનો પાસે ગુજરાત રાજય માટેનું ચોકકસ ઓથોરાઇઝેશન મેળવેલ હોવુ જોઇશે અને તે અંગે રજુ કરેલ ડીમાન્ડ ડ્રાફટનો ઉલ્લેખ જે તે સર્ટિફીકેટમાં હોવો જોઇશે.

(૩) જે વાહનો ગુજરાત રાજયના ટેક્ષના ડીમાન્ડ ડ્રાફટ ઓથોરાઈઝેશન ઇસ્યુ કરનાર જે તે આરટીઓ કચેરીએ રજુ કરેલા ન હોય તો હાલની જોગવાઇ મુજબ આવા ડીમાન્ડ ડ્રાફટ જે તે ચેકપોસ્ટ ઉપર રજુ કરવાના રહેશે અને હયાત જોગવાઇ મુજબ તે ની એન્ટ્રી તેમના ઓથોરાઇઝેશનમાં કરવાની રહેશે.

(બી) <u>નવી પધ્ધતિથી મેળવાયેલ ઓથોરાઇઝેશન ની અસર</u> :-

(૧) નવી જોગવાઇઓ અમલમાં આવતા હવે પછી પરપ્રાંતથી આવતા વાહનો નવી પધ્ધતિ મુજબના નેશનલ પરમીટ ઓથોરાઇઝેશન ધરાવશે. આ ઓથોરાઇઝેશનથી નેશનલ પરમીટ ધારકને સમગ્ર દેશના તમામ રાજયોમાં માલ વાહક વાહન ચલાવવા માટે પરવાનગી મળે છે. તેથી નવી જોગવાઇ મુજબનુ ઓથોરાઇઝેશન ધરાવતા હોય તેવા વાહનો અંગે ચેકપોસ્ટ પર કોઇપણ પ્રકારનો ટેક્ષ લેવાનો રહેશે નહી.

(૨) ચેકપોસ્ટ પર આવનાર બધા વાહનોમાં ઓથોરાઇઝેશન અંગે ખાસ ધ્યાન રાખવાનું થશે અને કોઇપણ સંજોગોમાં નવી જોગવાઇ મુજબ ઓથોરાઇઝેશન મેળવેલ ન હોય તેવા વાહનો ડીમાન્ડ ડ્રાફટ રજુ કર્યા વગર રાજયમાં પ્રવેશ ન પામે તેની ખાસ કાળજી લેવાની રહેશે

ઉપરોકત સૂચનાઓનો તાત્કાલીક અસરથી અમલ કરવા જણાવવામાં આવે છે.

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજય, ગાંધીનગર.

બિડાણ:- ઉપર મુજબ.

નકલ રવાના
પ્રતિ,

૧. અંગત મદદનીશશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહારનું કાર્યાલય , રજો માળ, બ્લોક નં.૨, સચિવાલય, ગાંધીનગર- અ.મુ.સશ્રી ને સવિનય જાણ સારૂ.
૨. નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, રજો બ્લોક, નવમો માળ, સચિવાલય, ગાંધીનગર- જાણ સારૂ.
૩. તમામ આરટીઓ/એઆરટીઓ/ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીઓ/ ઇન્ચાર્જશ્રી મોટર વાહન નિરીક્ષકશ્રીની કચેરી -જાણ સારૂ
૪. અખિલ ગુજરાત ટ્રાન્સપોર્ટ એસોસીએશન તથા અમદાવાદ ટ્રાન્સપોર્ટ એસોસીએશન- જાણ સારૂ તથા આપના સભ્યોને માહિતી આપવાની વિનંતી સાથે.

૧૩૫૧૦/૨

प2/2127-3

2

**FORM 47**

[(See rules 83 (2) and 87 (2)]

## AUTHORISATION FOR NATIONAL PERMIT

**(For operating throughout the territory of India)**

**Office of the Secretary Regional Transport Authority..........................**

National Permit No. ........................

Authorisation No. ............ **Validity......From Date.........to .......... ..........**

Name in full and complete address of holder of the permit

| Sr.No. | Particulars | Sr.No. | Particulars |
|---|---|---|---|
| 1 | Registration mark | 6 | Permit number |
| 2 | make | 7 | Permit issuing authority |
| 3 | Year of manufacture | 8 | Date of expiry of the permit |
| 4 | Engine number | 9 | Gross vehicle weight (Kgs) |
| 5 | Chassis number | 10 | Unladen weight (Kgs) |

Certified that the National Permit holder has paid the consolidated fee of Rs. 15000/- vide receipt number ..................Bank...........Branch.................. dated. ............................

*Signature ................................designation ............................

seal of the Transport Authority................................................

→ ગુજરાત રાજ્યમાં નેશનલ પરમીટ કોન્સોલીડેટેડ ફી ભરવા માટેનું લીસ્ટ

**List of Branches of SBIs authorised to collect consolidated fee on national permit**

**Focal Brach for collection of consolidated fee on national permit shall be the State Bank of India, New Delhi Main Branch, Parliamane Street, New Delhi (code BSR 0000691) The list of other braches of SBI authorised to collect consolidated fee on national permit RTO-wise is as under:**

| S. No. | State/UT | Name of Office/Place | BSR CODE OF SBI BRANCHES | |
|---|---|---|---|---|
| 1 | Gujarat | RTO Ahmedabad | BSR 0000301 | AHMEDABAD |
| 2 | Gujarat | RTO Mehsana | BSR 0060237 | MEHSANA |
| 3 | Gujarat | RTO Rajkot | BSR 0000463 | RAJKOT |
| 4 | Gujarat | RTO Bhavnagar | BSR 0004865 | BHAVNAGAR |
| 5 | Gujarat | RTO SURAT | BSR 0000488 | SURAT |
| 6 | Gujarat | RTO Vadodara | BSR 0013037 | VADODARA |
| 7 | Gujarat | R.T.O.Nadiad | BSR 0000431 | NADIAD |
| 8 | Gujarat | RTO Himatnagar | BSR 0000381 | HIMATNAGAR |
| 9 | Gujarat | RTO Jamnagar | BSR 0001816 | JAMNAGAR |
| 10 | Gujarat | RTO Junagadh | BSR 0003251 | JUNAGADH |
| 11 | Gujarat | RTO Bhuj | BSR 0013010 | BHUJ |
| 12 | Gujarat | ARTO SURENDRANGAR | BSR 0006498 | SURENDERNAGAR |
| 13 | Gujarat | ARTO-Amreli | BSR 0000312 | AMREILI |
| 14 | Gujarat | RTO Valsad | BSR 0001631 | VALSAD |
| 15 | Gujarat | ARTO Bharuch | BSR 0060190 | BHARUCH |
| 16 | Gujarat | RTO GODHRA | BSR 0000375 | GODHRA |
| 17 | Gujarat | RTO Gandhinagar | BSR 0001355 | GANDHINAGAR |
| 18 | Gujarat | ARTO BARDOLI | BSR 0000322 | BARDOLI |
| 19 | Gujarat | ARTO. Dahod | BSR 0013007 | DAHOD |
| 20 | Gujarat | ARTO NAVSARI | BSR 0000439 | NAVSARI |
| 21 | Gujarat | ARTO ANAND | BSR 0000313 | ANAND |
| 22 | Gujarat | ARTO. PATAN | BSR 0000450 | PATAN |
| 23 | Gujarat | ARTO Porbandar | BSR 0000456 | PORBANDAR |
| 24 | Haryan[illegible] | [illegible] | [illegible] | [illegible] |